REGISTER OF CASES TRIED BY MAGISTRATE OF _______________ IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)

Summary Case No..36581-2017

EX.:-..3

1. Date of the Commission of the offence
2. Date of the report of complaint
3. Name of complainant with percentage,
   age Place of residence etc.
4. Name, percentage, age and place of **જયશીલસીંહ દીપકસીંહ પરમાર**
   residence etc. of the accused person.
5. (a) Offence complained of **૬૬(૧)બી ,**
   (b) Offence prove
   (c) Value of stolen property
   (d) Accuseds plea and examination, if any

**સવાલ :– તમોને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે મળી છે ?**

**જવાબ :–હા જી, મને નકલો મળી છે.**

**સવાલ :– તમો તા.૧૪/૧/૧૭ નાં રોજ કલાક : ૨૩–૩૧ વાગ્યાના સુમારે આ કામના આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજામાં દેશી દારુ રાખતા મળી આવતાં તમોએ પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)બી મુજબનો ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે. મજકુર ગુનો તમોને કબુલ છે ?**

**જવાબ :– મને ગુન્હો કબુલ છે.**

———————————————

**સ્થળ – અમદાવાદ** **મારા રૂબરૂ**

**તા.૨૨/૪/૧૮**

**(એસ.કે.ગઢવી)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.**
CODE NO. GJ01023

(૬) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, તા.૧૪/૨/૧૭ નારોજ આરોપીએ પોતાના કબજામાં દેશીદારૂ રાખી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી , મુજબનો ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ.

૭) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક–૩ થી પ્લી/ નિવેદન રેકર્ડ કરતા, આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજી ખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ આંક–૪ થી અલગ કબુલાત પુરસીસ પણ આપી ને તેમને ઓછામા ઓછી સજા ને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જાણવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વેચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામા આવ્યુ.

૮) આરોપી સામે પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી મુજબ ના ગુન્હાનું તહોમત છે, તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપી નાની ઉમરનો, ગરીબ અને મજુર વર્ગ નો માણસ જણાય છે, તેમજ કુંટુંબમા એક માત્ર કમાનાર સભ્ય છે, બાલબચ્ચા વાળો માણસ છે, તેમજ ગુન્હો કાર્યાનો અફસોસ વ્યકત કરે છે. અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહિ કરવાની ખાત્રી આપે છે, તે સંજોગોમા તેમને ઓછા મા ઓછી સજા અને દંડ કરવી ન્યાયી અને ઉચિત માનું છુ.

૯) નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૨) જી. એલ.આર. પાના નંબર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમા ડીવીઝન બેચે એવી સિંધ્ધાતો પ્રસ્થાપીત કરેલ છે કે જે પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમા લઈ નીચેની અદાલતમા કાયદામા કરેલ જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોકત ચુકાદાના સિંધ્ધાતોને હું નમ્ર પણે માનું છું અને સદર હું ચુકાદાના પાના નંબર ૭૨૧ પર પેરા નંબર ૨૧મા જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતિ

અને સંજોગોને ધ્યાનમા લઈ ઓછામા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનું છું અને ન્યાય ના હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–– :: હુ ક મ :: ––**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે પ્રોહી એકટની કલમ – ૬૬(૧)બી મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી રૂપિયા ૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા)ના દંડની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો ૫ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ હુકમ તા. ૨૨ માહે એપ્રિલ સને ૨૦૧૮ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

(એસ.કે.ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.
CODE NO. GJ01023